# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ તા.૩૧.૧૨.૨૦૧૮

---------------

**અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડના વચેટીયા ક્રિશ્ચિન મિશેલનું પ્રત્યાર્પણ એ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ભ્રષ્ટાચાર સામેની લડાઇનો એક મહત્વનો ભાગ છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**અગસ્તા વેસ્ટલેન્ડમાં થઈ રહેલી તપાસ મુદ્દે કોંગ્રેસ શા માટે ગભરાઈ રહી છે ? તેનો જવાબ કોંગ્રેસે દેશની જનતાને આપવો જોઈએ - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**આ વખતે વાઈબ્રન્ટ ગુજરાતમાં ૧૬ જેટલા દેશો પાર્ટનર દેશ તરીકે ભાગ લેવા જઇ રહ્યા છે તે આપણા માટે ખુબ ગૌરવની વાત છે ત્યારે,**

**તેની માહિતીના અભાવ અને હંમેશા ગુજરાતના વિકાસને અટકાવવા ગુજરાતના વિકાસ વિરોધી શ્રી રાહુલ ગાંધી બેબુનિયાદ નિવેદનો કરે છે - શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીએ પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડ સંદર્ભે વચેટિયા ક્રિશ્ચિન મિશેલની થઈ રહેલી પૂછપરછના કારણે કોંગ્રેસના પેટમાં તેલ રેડાઇ રહ્યું છે. શ્રી વાઘાણીએ કોંગ્રેસના સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અહેમદ પટેલને પ્રશ્ન પૂછતાં જણાવ્યું હતું કે, અગસ્તા વેસ્ટલેન્ડમાં થઈ રહેલી તપાસ મુદ્દે કોંગ્રેસ શા માટે ગભરાઈ રહી છે ? તેનો જવાબ કોંગ્રેસે દેશની જનતાને આપવો જોઈએ.

શ્રી વાઘાણીએ અગસ્તા વેસ્ટલેન્ડ કૌભાંડની વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહની કોંગ્રેસ સરકારે અગસ્તા વેસ્ટલેન્ડ ગોટાળાની તપાસ સીબીઆઈને સોંપી હતી. હેલીકોપ્ટર સોદામાં વચેટિયાએ કોંગ્રેસ અને સોનીયા પરિવારને લાંચ આપ્યાના ખુલાસા ઈટાલીની કોર્ટમાં થયા હતા. દેશમાં કોઈપણ કૌભાંડો ઉજાગર થાય છે ત્યારે કેમ ગાંધી પરિવારનું જ નામ જાહેર થાય છે ? તેમ પૂછતા શ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસ તેમજ ગાંધી પરિવારને દેશની જનતાને જવાબ આપવા જણાવ્યું હતું.

પ્રદેશ પ્રમુખ શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કોઈપણ ભ્રષ્ટાચારીને બક્ષવામાં આવશે નહીં. વચેટીયા ક્રિશ્ચિન મિશેલનું પ્રત્યાર્પણ પણ વડાપ્રધાનશ્રીની ભ્રષ્ટાચાર સામેની મહત્વની લડાઈનો ભાગ છે. જેમણે પણ દેશની સુરક્ષા સાથે ચેડા કર્યા છે અથવા તો દેશની પ્રજાના પૈસા લૂંટ્યા છે તેવી કોંગ્રેસે દેશને જવાબ ચોક્કસથી આપવો જ પડશે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ તેમના મુખીયાઓને બચાવવા માટે અણઘડ નિવેદનો આપે છે તે અશોભનીય છે.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ ઈટાલીની કોર્ટે આપેલા ચુકાદા અંગે જણાવ્યું હતું કે, તે ચુકાદામાં પણ સોનિયા ગાંધીનું નામ લેવાયું હતું અને ૧૨૫ કરોડ રૂપિયાની કટકીનો ઉલ્લેખ કરીને ચાર વર્ષની સજા આરોપીઓને કરવામાં આવી હતી. સીગ્નોરા ગાંધી મતલબ કે શ્રીમતી ગાંધી તરીકેનો ઉલ્લેખ પણ થયો હતો અને હવે મિશેલ ક્રિશ્ચિયને ઈ.ડી. સમક્ષની રજૂઆતમાં તે જ પ્રમાણે શ્રીમતી ગાંધી અને રાહુલ ગાંધી પર આંગળી ચીંધી છે અને સાથે-સાથે એ.પી. એટલે કે અહેમદ પટેલ પર પણ ઈશારો કર્યો છે. આમ, ગાંધી પરિવારની દલાલી આજે દેશ સમક્ષ જાહેર થઈ ગઈ છે માટે ગાંધી પરિવારે અને કોંગ્રેસે પોતાના પર લાગેલા આરોપો સ્વીકારવા જોઈએ.

એક પ્રશ્નના જવાબમાં શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જે તે વખતે શરૂ કરાયેલા વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટને દેશના તમામ રાજ્યો ભલે તે કોંગ્રેસ શાસિત પણ હોય તેવા રાજ્યો પણ પોતાને ત્યાં આ પ્રકારની ગ્લોબલ સમિટનું આયોજન કરે છે. ગુજરાતના વિકાસ અને નેતૃત્વના વિરોધી શ્રી રાહુલ ગાંધી પાસે માહિતીનો અભાવ છે અને હંમેશા ગુજરાતના વિકાસને અટકાવવા બેબુનિયાદ નિવેદનો કરતા હોય છે તે માટે તેમણે ગુજરાતની પ્રજાની માફી માંગવી જોઈએ. આ વખતે વાઈબ્રન્ટ ગુજરાતમાં ૧૬ જેટલા દેશો પાર્ટનર દેશ તરીકે ભાગ લેવા જઈ રહ્યા છે તે આપણા માટે ખુબ ગૌરવની વાત છે. આગામી સમયમાં ખૂબ મોટા રોકાણ ગુજરાતમાં થવા જઈ રહ્યા છે અને દરેક વાઈબ્રન્ટ ઈવેન્ટમાં ઉત્તરોત્તર રોકાણ વધ્યા જ છે અને ગુજરાત જે વિકાસની હરણફાળ ભરી રહ્યું છે તેને આખા વિશ્વએ સ્વીકાર્યું છે.

રાહુલ ગાંધીએ કરેલા ગુજરાત વિરોધી નિવેદનો બદલ ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ગુજરાતની જનતાની માફી માગવી જોઈએ. ભૂતકાળમાં પણ ગુજરાત કોંગ્રેસના વિપક્ષના નેતાએ યુપીએ સરકાર દ્વારા ગુજરાત વાઈબ્રન્ટમાં ભાગ લેનારા ઉદ્યોગકારોને ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટની નોટિસો મોકલવાનું ષડ્યંત્ર રચ્યુ હતું અને ગુજરાતના વિકાસને રૂંધી નાખવા માટેના હીન પ્રયાસો રચ્યા હતા પરંતુ, આવી ગુજરાત વિરોધી તાકાતોને ગુજરાતની જનતાએ તેમનું સ્થાન બતાવી દીધું છે અને સતત છઠ્ઠીવાર ભાજપાને સત્તાનું સુકાન સોંપ્યું છે તેમ શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ